॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૩, જુન–૨૦૨૫, રૂા. ૫.૦૦/–









ભુજ મંદિરની શિખરબદ્ધ મંદિરની શાખામાં એક શાખા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપર વાગડના સત્સંગિઓને ભેટ.
દિનાંક ૯ થી ૧૫ મે ૨૦૨૫ દરમિયાન શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ સાથે શ્રી ઘનશ્યામ મહારાજ,
શ્રીરાધાકૃષ્ણદેવ તથા શ્રી સુખશય્યા સહિત પંચદેવોની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા ભુજ મંદિરના
મહંત સ્વામી આદી સંતો અને સમગ્ર કચ્છના સત્સંગિઓની ઉપસ્થિતિમાં પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કરી

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૪ જુન-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |


**લેખકોને ખાસ વિનંતી**

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

સનાતન ધર્મમાં વિવિધ પ્રકારની સર્વમાન્ય રામાયણો ઊત્તમ જ્ઞાની પુરુષો લખી ગયા છે. તે વંચાય છે, સંભળાય છે ને ધર્મમાં, સમાજમાં ચર્ચાય પણ છે. પણ સાંભળનારાઓને તે તમામનાં દિવ્ય પ્રસંગો કેટલા યાદ રહેતા હશે એ તો પોતપોતાની વાત છે.

પરમાત્માએ અનંત બ્રહ્માંડનું સર્જન કરી ને સંપૂર્ણ તંત્ર સદાય વ્યવસ્થિત ચાલી શકે તે માટે ‘કર્મ’નો સિદ્ધાંત સ્થાપિત કર્યો, જેથી જીવ ને પરમાત્મા વચ્ચે ‘કર્મ’ના પરિણામો સદાય  અટલ, અકાટ્ય રહ્યા છે. જીવ માત્રને કર્માધિકાર હોઈ, તેને જ તેમાં કર્મોના પરિણામો પણ ભોગવવા પડતા હોય છે.

શ્રીવાલ્મિકી રામાયણમાંના પ્રસંગ પ્રમાણે અયોધ્યાના રાજા દશરથે શ્રવણ કાવળિયાની અજાણતાં જ શબ્દવેધી બાણથી હત્યા કરી ને શ્રવણના પ્રજ્ઞાચક્ષુ મા-બાપે દશરથને શાપ આપ્યો છે. રાજા દશરથ રામ-સીતા-લક્ષ્મણને વનવાસ જવાની આજ્ઞા કરી ને તેમના ગયા પછી જ્યારે મૃત્યુ બાદ ધર્મદૂતો તેમને લઈ જતા હતા ત્યારે રાજા દશરથજીની પ્રજ્ઞા ફૂટી ને તેમને તેમના પુત્ર રામમાં પરમાત્મા દેખાયા ને તેમણે આકાશમાંથી તેમના પર પુષ્પ વૃષ્ટિ કરી. તેથી શ્રીરામે કૃપા કરી પિતા દશરથજીને મોક્ષગામી કર્યાનું અદ્‌ભુત વર્ણન છે. અત્રે મહત્તા કર્મના સિદ્ધાંતની છે. જે ઈશ્વર જ માત્ર તેમણે સર્જેલા ‘કર્મ’ના સિદ્ધાંતમાં ફેરફાર પણ કરી શકે છે.

શ્રીસ્વામિનારાયણ મંદિરનો ભવ્ય દરવાજો, વિશાળ આંગણું, પગથિયાં ને પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિના ચરણે સત્સંગીનું કર્મોના પશ્ચતાપરૂપે રોજિંદું આળોટવું જેવી નિષ્ઠાથી કહેવત પ્રમાણે  ટીપે ટીપે સરોવર ભરાય જેવું સત્કર્મ પણ જાગ્રત થઈ શકે ખરું.

**“વિકર્મ, કુકર્મ, ક્રૂર કર્મ સૌ, ઇશ્વરકૃપા પાસે ધૂળ ચાટે.**
**પરમ પશ્ચતાપ જ્યારે જાગે, ત્યારે જ પ્રભુ કૃપા આપે...! ”**

# શિક્ષાપત્રી શ્લોક - ૯૨

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' ભુજ



અજ્ઞાનાજ્જ્ઞાનતો વાપિ ગુરુ વા લઘુ પાતકમ્ ।
ક્વાપિ સ્યાત્તર્હિ તત્પ્રાયશ્ચિતં કાર્યં સ્વશક્તિતઃ ॥

અને મારા આશ્રિત હોય તેમણે, ક્યારેક જાણે અજાણે નાનું કે મોટું પાપ થઈ જાય તો, પોતાની શક્તિ પ્રમાણે એ પાપનું પ્રાયશ્ચિત કરવું.

ભાષ્કાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં જણાવે છે કે, મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. જન્મો જન્મના સંસ્કારોને વશ થઈને મનુષ્ય વારે વારે પોતાના માર્ગ થકી ભ્રષ્ટ થતો હોય છે. તેમાં પોતાની ભૂલ સમજીને પાછો પોતાને રસ્તે ચડી શકે છે. જન્મથી ભલે તે મનુષ્ય હોય પણ પોતાની ભૂલ ન સમજે તે પશુ કહેવાય. જે પુરુષ સત્કર્મ કરે, તે સુખી થાય ને જે દુષ્કર્મ કરે તે દુઃખી થાય. કરેલું કર્મ તો ભોગવવું જ પડે ને ? જો પ્રાયશ્ચિત કરી શુદ્ધ ન થઈએ તો જમડાઓનો માર ખાવો જ પડે. સ્મૃતિના કથન પ્રમાણે પણ ભોગવ્યા વિના કર્મનો નાશ થતો નથી. જ્યારે નાના મોટા પાપોથી ઘડો ભરાય ત્યારે જ નરક પ્રાપ્ત થાય છે. ને જ્યારે નાના મોટા પુણ્યોથી ઘડો ભરાય તો મોક્ષ પણ મળી શકે છે.

વળી શતાનંદ સ્વામી એ પણ સમજાવે છે કે, પોતાના તમામ પાપો સત્પુરુષ પાસે પ્રસિદ્ધ કરી દેવા, કેમ કે ઈશ્વર સર્વ વ્યાપક છે અને તેમને બધાની બધી જ જાણ પણ છે.

"ગુપ્ત કદી પણ થતું નથી, સંસારથી છોને રહે તે સુશુપ્ત;
પ્રભુ જાણે બ્રહ્માંડનું છાનું છપનું, સત્યં વદ, પ્રિયં વદ, ખોલ નસીબ પાનું..!"

બુદ્ધિમાન માનતાઓ પૂછે આ યમરાજને બધું જાણ કોણ કરે છે..? શતાનંદ સ્વામી કહે છે કે, મનુષ્ય માત્ર જે જે પાપ કરે છે, તેની યમરાજને પણ ખબર પડી જાય છે. યમરાજ ભગવાનની વિભૂતિ હોવાને કારણે સર્વજ્ઞ છે. તદુપરાંત સૂર્યાદિ દેવો છે, અગ્નિ, વાયુ, ચંદ્ર, આકાશ, બંને સંધ્યા, દિવસ, દિશાઓ, જલ, પૃથ્વી, કાળ અને સ્વયં યમરાજ આ બધા જીવાત્માના સાક્ષીઓ છે. બધા વિષ્ણુ ભગવાનના પાર્ષદો જ છે.

"સરકારી જજ પણ અટપટા કેસમાં, આંખો દેખ્યા સાક્ષીને આધારે જ;
અન્ય સર્વ પુરાવાઓ ભલે બુહુત, આંખે દેખ્યા કદી ન માને જુઠ્ઠા..!"

જે પાપ પ્રસિદ્ધ થઈ ગયું હોય તેનું પ્રાયશ્ચિત સંતોના કહેવા પ્રમાણે જ કરવું. શિક્ષાપત્રી જણાવે છે કે, પાંચથી આરંભીને અગિયાર વર્ષ સુધીનો બાળક હોય એ જો કાંઈક પાપ કરી નાખે તો એનું પ્રાયશ્ચિત ભાઈ, પિતા કે તેનાં બીજાં બધા સંબંધીજનો હોય તે કરે. અને પાંચ વર્ષથી નાનું બાળક હોય તેને કોઈ પાપ નથી, અપરાધ નથી તેથી તેને રાજદંડ કે પ્રાયશ્ચિત પણ નથી. આવો ધર્મશાસ્ત્રમાં વિવેક બતાવેલો છે. માટે પ્રાયશ્ચિત આપનાર જે હોય તેમણે આ વિવેકનું પણ અનુસંધાન રાખવું.

'સનાતન ધર્મનો અંગુઠા છાપ, ગામડિયો પણ દૃઢતાથી માને;
ભુલકાંઓમાં પ્રભુ સ્વયં વ્યાપે, એ શું કોઈને દુઃખદર્દ આપે..!'

આ શ્લોકમાં શ્રીજીમહારાજનો કહેવાનો એ ભાવ છે કે, કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં જ પડે છે. અને એ ભોગવીને જ શાંત થાય છે. અથવા તો પ્રાયશ્ચિત કરીને શાંત થાય છે. માટે જાણે અથવા અજાણે થયેલાં પાપોનું પ્રાયશ્ચિત અવશ્ય કરવું

# SURA BHAKT OF LOYA

-Swami Harivadan Dasji -Bhuj

Surakhachar of Loya village means param sakha of Lord Swaminarayan. He was attached to his Ishtadev with extraordinary affection and after meeting Shreeji Maharaj, he recited satsang throughout his Life. He was very fat in body. He tied big turban on his head differently than other kings. He was so skilled in speaking, that if ever any king, tyagi, or yogi-yati was in front of him, seeing the opportunity, he would say such kinds words or sentences that men standing infront of him would have to laugh. But he doesn't laugh at all. Despite being the best friend of Shreeji Maharaj, he bowed to the saints of Maharaj by mind, deed and word. There is no deception or crookedness in his mind. He was of such a simple in nature. He faced many difficulties in his life, but his patience never wavered. Once Surakachar was sleeping in his house in Loya. At that time thieves came and broke into the house and stole his big pataaro (big woodenbox - in olden days people used to keep money, ornaments and many valuable things.) Shreeji Maharaj put such weight in the pataara that the thieves could not take it far from the village road, fearing that everyone would wake up when it was light, the thieves left the pataara and ran away. Everyone passing by saw it and found that "this belongs to Surakhachar". Everyone gave the news to Surakhachar. Sura Bhakt had a habit of getting up early. So he saw that Pataara was missing from his house, but it was found back. Sura bhakt's wife Shantaba said: "If our Pataara was taken by thieves, nothing would left behind for us. But by the mercy of Shreeji maharaj, we found it back without breaking lock as it was before. So resolve to use half of that amount in the service of Shreeji Maharaj." All the actions of a devotee of God are for the pleasure of his beloved God. Shantaba also had such a unique devotion to Shreeji maharaj. Shantaba requested Sura Bhakt to call Shreeji maharaj here. Maharaj has protected us a lot.

At that time, Shreeji Maharaj was sitting in the darbar of Dadakhachar in Gadhada. Sura bhakt came and requested to come to Loya but Maharaj refused. Sura bhakt said, "if you do not come to Loya, I will do penance here."

Maharaj said, “what kind of penance?” Bhakt said, “Maharaj, I was eating 3 times a day at home. Staying with you, I will eat 5 times a day, because I cannot go home without you, and I have to stay with you as a saint. Hearing this, Shree hari laughed and said yes to Surakhachar.

After somedays, Shreeji Maharaj reached Sarangpur with many saints and haribhaktas and performed the Janmashtami festival. From there Shree Hari went to Kariyani. Celebrated Diwali Utsav, Annakoot, Prabodhini utsav and gave many blessings to his bhaktas. Jinabhai from Panchala also came to darshan and requested maharaj to come to Panchala. Maharaj asked Brahmanand swami and Nityananad swami, “Now what to do? Where to go?” Saints said, “Oh Lord! It’s up to you.” Maharaj said, “let’s Manki Ghodi (mare) decide, where to go?” Manki Ghodi chose the way of Loya.

Reaching Loya, Surabhakt and Shantaba perform a grand welcome for Lord Swaminarayan. As soon as everyone in the surrounding villages came to know about it, the next day, sixty maunds of brinjals were brought in carts by devotees. Succumbing to the loving devotees, Shreeji maharaj himself prepared a Brinjal’s shaak in twelve maunds of Ghee. Shreeji maharaj is stirring the shaak with a big spoon and used to clean hands on dhoti that he was wearing. This wonderful sight was rare even for Deities. Prepared millet rotas(rotlas). The vegetables made by Shreeji maharaj's hand and also served by Maharaj himself, the taste of the vegetables was amazing. All vegetables were eaten. Shreeji maharaj gave all the devotees a wonderful lifetime memory of this Shakotsav.

Pleased with the devotion of Shantaba and Surkhachar, Shreeji Maharaj stayed there for two months. Even in this small village, Maharaj filled everyone with happiness by talking about Atma-Paramatma and Brahma-Parabrahman, which everyone will understand by reading Loya's Vachanamruts.This Bhaktaraj did not understand much in the intricacies of the scriptures, but he was very fond of Shreeji maharaj and became engrossed in satsang. What wonder that such a unique Bhaktaraj should subdued Shreeji maharaj!

# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ રાપર-વાગડ



ભુજ નરનારાયણદેવ સંચાલિત કચ્છનું પાંચમું શિખરબદ્ધ મંદિર એટલે રાપર(વાગડ). છેલ્લા ૧૩ વર્ષથી ચાલતું મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણ થયા બાદ ગુલાબી બંસીપહાડ પથ્થરથી નવનિર્મિત મંદિરનો તા.૯/૫/૨૦૨૫ થી તા.૧૫/૫/૨૦૨૫ દરમિયાન પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.



તા.૨૬/૪/૨૦૨૫ ના પ.પૂ.ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્‌હસ્તે વિજયસ્તંભ સ્થાપવામાં આવ્યો હતો.

તા.૮/૫/૨૦૨૫ ના ઉત્સવની ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ તમામ મંડળના સંત મંડળે સહિત પધાર્યા હતા. યજમાનશ્રીઓ અને સંતોએ મળીને પોથીજીનું પૂજન કર્યું. ત્યારબાદ વાજતે ગાજતે ઉત્સવ સ્થળ વૃંદાવનધામમાં પોથીજીને પધરાવવામાં આવી હતી.

તા.૯/૫/૨૦૨૫ ના સવારે વડીલ સંતો તેમજ દેશ-વિદેશથી પધારેલા યજમાનશ્રીઓ, સ્થાનિક રાપર મંદિરની કાર્યવાહક કમિટી અને બહેનો વિભાગમાં સાં.યો. બહેનો, યજમાન





પરિવારના સર્વે બહેનો મળી દિપ પ્રાગટ્ય કરી ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શ્રીમદ્‌ભાગવત મહાપુરાણની કથાના વક્તા પુ.સ્વામી ભક્તવત્સલદાસજી, પુ.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, શા.સ્વામી આનંદવલ્લભદાસજી તથા ડો.સ્વામી અક્ષરમુનિદાસજીએ સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. સાત દિવસ સુધી સંતોએ કથામાં મધુર સંગીતનો સાથ સંગીતકાર સંતો પુ.સ્વામી નિર્ભયચરણદાસજી, પુ.સ્વામી ભજનપ્રકાશદાસજી, પુ.સ્વામી કપિલમુનિદાસજી, પુ.સ્વામી નીલકંઠમુનિદાસજીએ આપ્યો હતો.

કથા અંતર્ગત ભવ્ય કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધનલીલા, રૂક્ષ્મિણી વિવાહ જેવા આયોજનો થયા હતા. તા.૧૦,૧૧,૧૨ ત્રિદિનાત્મક વિષ્ણુયાગનું આયોજન ભુજ મંદિરના ગોર મહેશભાઈ મહારાજ અને પુ.સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજીના માર્ગદર્શન મુજબ મંદિરના પટાંગણમાં કરવામાં આવ્યું હતું.

તા.૧૨/૫/૨૦૨૫ ના અમદાવાદથી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી અક્ષરવલ્લભદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી વિગેરે સંતોના સાનિધ્યમાં ઘનશ્યામ મહારાજ એવં રાધાકૃષ્ણદેવ, સહજાનંદ સ્વામીની મૂર્તિ



પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ થયો. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી અને ક્રમશઃ સર્વે સંતો મળીને શ્રીઠાકોરજીનો પંચામૃત મહાઅભિષેક કરવામાં આવ્યો હતો.



તા.૧૧/૫/૨૦૨૫ના બંને સત્રમાં તમામ હરિભક્તો દ્વારા તૈયાર કરવામાં આવેલ સુવર્ણના આભૂષણોની અર્પણવિધિ સૌ સંતોના સાનિધ્યમાં કરવામાં આવી હતી. જેમાં પુ.સ્વામી પરમહંસદાસજી, પુ.સ્વામી ભક્તિપ્રકાશદાસજી, પુ.સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ આ કાર્ય સંભાળ્યું







હતું. સંપૂર્ણ ઉત્સવમાં આરોગ્ય કેમ્પ, રક્તદાન જેવા આયોજનો કરવામાં આવ્યા હતા. હરિભક્તોને તેમજ વિદેશથી પધારેલા મહેમાનો માટે ભોજનાલયમાં વ્યવસ્થા સદ્‌ગુરુ પુરાણી







સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તેમજ સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સેવા સંભાળી હતી. જમાં દરરોજ ૧૦ હજાર જેટલા હરિભક્તો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. મહોત્સવમાં તમામ વિભાગમાં સંતો-હરિભક્તોએ સેવા કરી હતી. લાઈટ-પાણી વિભાગ સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી. સિક્યુરીટી વિભાગ સ્વામી દર્શનપ્રકાશદાસજી, સ્વામી સર્વમંગલદાસજી. નિજ મંદિર ઉત્સવ સમિતિમાં પુ.સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી મુરલીમનોહરદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી નૌતમપ્રકાશદાસજી વિગેરે સંતો રહ્યા હતા. સંતોના ભંડારની સેવામાં પુ.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી રહ્યા હતા. મહોત્સવમાં સાતેય દિવસ હરિભક્તો માટે શેરડીનો રસ તથા તરબૂચનો પ્રસાદ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધામોધામથી સંતો પધારી આશીર્વાદની



અમીવર્ષા વરસાવી હતી. તેમજ ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ, રાપર મહિલા મંદિરનાં મહંત સાં.યો.રમીલાબેન તેમજ તમામ કચ્છ, ચોવિસી, અબડાસા અને વાગડના સાં.યો.બહેનો આ ઉત્સવમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.





સમગ્ર મહોત્સવનું સંચાલન શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, શા,સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, શા.સ્વામી હરિકૃષ્ણદાસજીએ કર્યું હતું.

આ મહોત્સવમાં વિદેશથી પધારેલ હરિભક્તો માટે સુવિધાથી યુક્ત એ.સી. ટેન્ટસિટી



રાપર ગુરુકુળમાં બનાવી હતી. જેમાં હરિભક્તોએ સંતોષની અનુભુતિ કરી હતી. તેમજ મંદિરમાં બનેલું નૂતન નરનારાયણદેવ યાત્રિક ભુવનમાં પણ રહેવાની સગવડ કરવામાં આવી હતી.

અ - સ્વામી હરિકૃષ્ણદાસજી




દિનાંક ૮/૫/૨૦૨૫ વૈસાખ સુદ એકાદશીના દિવસે ભુજ મંદિરના ૪ સંતોએ સંતદીક્ષા લીધી. સ્વામી અનંતમુનિદાસજી ગુરુ સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી મુકુંદદાસજી ગુરુ સ્વામી સુખનંદનદાસજી, સ્વામી શ્યામસુંદરદાસજી ગુરુ સ્વામી સરયુદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી ગુરુસ્વામી દેવપ્રકાશદાસજી.

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજને આંગણે શ્રીનરનારાયણદેવના ૨૦૨ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્‌ભાગવત પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરાયું.

સંવત-૨૦૮૧ વૈશાખ સુદ-૫ ના રોજ શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠાને ૨૦૨ વર્ષ પૂર્ણ થઈ રહ્યા તે અંતર્ગત વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ગામ કેરા હાલે લંડન વસ્તા પ.ભ.અ.નિ.કુંવરજીભાઈ હરજી હાલારીયા, પ.ભ.અ.નિ.દેવરાજભાઈ, કુંવરજી હાલારીયા સપરિવાર યજમાનપદ સ્વીકારી ધન્ય ભાગ્યશાળી થયા.

આ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્‌ભાગવત પંચાહ્ન પારાયણનું તા.૨૮/૪/૨૦૨૫ સોમવારથી તા.૨/૫/૨૦૨૫ શુક્રવાર સુધી દિવ્ય આયોજન કરવામાં આવ્યું. જેના વક્તાપદે પુ.સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પુ.સ્વામી





વેદાંતસ્વરૂપદાસજી વ્યાસાસને બિરાજિત થઈ સંગીતની સૂરાવલી સાથે સંગીતકાર સ્વામી ભજનપ્રકાશદાસજીના સથવારે કથામૃતરૂપી અમૃતનું પાન કરાવ્યું હતું.

તા.૨૮/૪/૨૦૨૫ ના સવારે ૭ કલાકે યજમાન પરિવાર દ્વારા દેવોનું સ્થાપન પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૯ કલાકે મહંત સ્વામી આદિ વડીલ સંતો યજમાનશ્રી સાથે દીપ પ્રાગટ્ય કરી કથા શુભારંભ કરવામાં આવેલ કથા અંતર્ગત બપોરપછી ૫-૩૦ કલાકે શ્રીરામ જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. તા.૨૯/૪/૨૦૨૫ ના કથા અંતર્ગત સાંજે ૫-૩૦

કલાકે શ્રીકૃષ્ણજન્મોત્સવ ત્યારબાદ મહારાસનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.૩૦/૪/૨૦૨૫ ના સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધન પૂજન કરવામાં આવ્યું હતું. તા.૧/૫/૨૦૨૫ ના સાંજે ૫-૩૦ કલાકે પ.પ.ધ.ધુ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું શુભ કથામંડપમાં થયું. ત્યારબાદ કથા અંતર્ગત રૂક્ષ્મિણી વિવાહનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



તા.૨/૫/૨૦૨૫ આજે પાટોત્સવનો મુખ્ય દિવસ હોવાથી સવારે ૬-૩૦ કલાકે શ્રીઠાકોરજીનું વેદોક્તવિધિ દ્વારા પૂજન કરી પંચામૃત મહાભિષેક શ્રીઆચાર્ય મહારાજશ્રી અને સંતો દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ ૮ કલાકે શ્રીઠાકોરજીની શોભાયાત્રાનું આયોજન કરાયું હતું જેમાં ભુજ ચોવિસીની મંડળીના ભક્તો તથા દેશ-વિદેશમાં વસ્તા સર્વે ભક્તજનો જોડાયા હતા. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગ ઉપરથી થઈને પરત મંદિરે કથામંડપમાં પધારી હતી. ત્યારબાદ શ્રીઠાકોરજી પાસે છપ્પનભોગનો અન્નકૂટ ધરવામાં



આવ્યો જેની આરતી પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી આદિ સંતો તથા યજમાનશ્રીઓના વરદહસ્તે કરવામાં આવી. પધારેલ દરેક ભક્તજનો દર્શનનો લાભ લઈ કથામંડપમાં પધાર્યા હતા.



યશસ્વી યજમાનશ્રીઓ પ.ભ.અ.નિ.કુંવરજીભાઈ હરજી હાલારીય, ધ.પ.રાધાબાઈ તથા સામબાઈ, અ.નિ.તોજબાઈ ભીમજી નાદાણી, અ.નિ.દેવરાજભાઈ કુંવરજી હાલારીયા, ધ.પ.ગં.સ્વ ધનબાઈ સુપુત્ર વિનોદભાઈ, ધ.પ.સીમાબેન, સુપુત્ર મહેશભાઈ,













ધ.પ.નીનાબોન, સુપુત્ર જીતેન્દ્રભાઈ, ધ.પ.રેખાબેન, સુપુત્ર જનકભાઈ, ધ.પ.લીલાબેન, સુપુત્ર પ્રકાશભાઈ ધ.પ.ટીનાબેન, પૌત્રીઓ ઝારાબને, ઝીયેનાબેન, કાજલબેન, પૌત્ર ઝીઅન, કિઅન, ખુશ, યશ, કિયાન, મિલન સપરિવારને કથા પૂર્ણાહુતિ બાદ પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, જાદવજી ભગત આદિ વડિલ સંતોએ યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજ મંદિર તરફથી યજમાનશ્રીઓને પહેરામણી કરવામાં આવી હતી.

સંપૂર્ણ મહોત્સવનું સભાસંચાલન શા.સ્વામી નારાયણમુનિદાસજી તથા શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજને આંગણે પંચ દિનાત્મક જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ગામ બળદિયા નીચલાવાસના પ.ભ. પ્રેમજીભાઈ લાલજી મુરજી રાઘવાણીના યજમાનપદે ભુજ મંદિરના આંગણે પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી અને સ્વામી સદ્‌ગુણસ્વરૂપદાસજીએ સંગીતના સથવારે પોતાની મધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું.





# ભુજ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરે શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉજવાયો



શિક્ષાપત્રી શતાબ્દી મહોત્સવ ઉપક્રમે ભુજ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં શિક્ષાપત્રી શિતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ તા.૧૪ થી ૧૮ મે ૨૦૨૫ દરમિયાન ધામધૂમથી અનેક વિધ આયોજનો સાથે ઉજવવામાં આવ્યો હતો. ભુજ મંદિરના મહંત સ. ગુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ઉપમહંત સ. ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ. ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદી સંતોની ઉપસ્થિતિમાં પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના અધ્યક્ષ સ્થાને અને વડીલ સંતો સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સ. ગુ. પુરાણી સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા કોઠારી સ્વામી રામાનુજદાસજી આદી સંતોના માર્ગદર્શન હેઠળ ધામધૂમથી ઉજવાઇ ગયો.

તા. ૧૪ના સવારે ૮ કલાકે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરેથી સંતો અને યજમાન દ્વારા પૂજન વિધિ કરીને પોથી યાત્રાનો પ્રારંભ થયો હતો

પોથીયાત્રામાં સુશોભિત વાહનોમાં



પારાયણના બંને વક્તાશ્રીઓ, પ્રસાદી મંદિરના મહંત સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ. ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ. ગુ. સ્વામી



હરિબળદાસજી સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત વિગેરે સંતો સાથે વક્તાશ્રી ડૉ. સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી યજમાન પરિવારના સભ્યો સાથે બિરાજયા હતા.

આ શોભાયાત્રામાં બળદિયા ઉપલો વાસ, બળદિયા નીચલોવાસ, કેરા, નારાયણપર ઉપલોવાસ આદી ગામની વાજીંત્ર મંડળીઓ પોતાની આગવી શૈલીમાં રમઝટ બોલાવી હતી.



પોથીયાત્રા કથા મંડપમાં પહોંચી ત્યારે પોથી વ્યાસપીઠ ઉપર પધરાવીને પ્રસાદી મંદિરના મહંત સ્વામી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત, વડીલ સંતો સાથે યજમાન પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



સદ્ગુરુ સ્વામી રાધામનોહરદાસજી તથા સદ્ગુરુ સ્વામી માધવદાસજીના મંડળની શરુઆતને ૧૧૫ વર્ષ થતાં મંડળના શ્રીહરિકૃષ્ણ મહારાજનો દરરોજ સવારે મંગળા આરતી દરમિયાન કેશરજળ અભિષેક કરવામાં આવ્યો હતો. મોટા-નાના સંતો તથા યજમાનો અભિષેકનો લાભ લઈ ધન્ય થયા હતા.

બપોર પછી દરરોજ ૫ થી ૬:૩૦ દરિમયાન દરરોજ જુદા જુદા વિષયો પર શિક્ષાપત્રી નિર્દિષ્ટ ઉપયોગી કાર્યક્રમો સાથે વિવિધ વિષય પર વ્યક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથાના વાકતા ડૉ. સ્વામી અક્ષરમુનિદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ શ્રીશિક્ષાપત્રી અર્થદિપીકા ટીકા સાથે કથા સંભળાવી હતી. સંગીતકાર સ્વામી જનમંગલદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી સેવા આપી હતી. પ્રથમ દિવસ પર્યાવરણ દિવસ હોવાથી બપોર પછીના સત્રમાં પવિત્ર ૫ વૃક્ષોનું પૂજન કરાયું હતું. આ બાબતે કુકમાના પ. ભ. મનોજભાઈ સોલંકી પર્યાવરણ વિષયક વિચારો રજુ કર્યા હતા. આ સત્રમાં કચ્છમાં પર્યાવરણ ક્ષેત્રે સેવા કરતી





સ્વયંસેવી સંથાના પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કચ્છી રાસોત્સવ નું આયોજન કરાયું હતું. બીજા દિવસે સવારે ૮:૩૦ કલાકે બીજા સત્રનો પ્રારંભ થયો



હતો. બપોર પછીના સત્રમાં પ્રચીન ગુરુકુલ શીક્ષા વિષય ઉપર શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ વિચારો રજુ કર્યા હતા. આ સત્રમાં પ્રાચીન ગુરુકુલપદ્ધતિથી બાળકોમાં સંસ્કારોનું સિંચન કરતી સંસ્થાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતુ. ત્રિજો દિવસ વેદ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. બીજા સત્રમાં કથા બાદ ૪ વેદોનું સંતો, ભૂદેવો, યજમાનોએ પૂજન કરેલ હતું અને વેદ સર્વેને ઉપયોગી છે અને વેદને અનુસરે એજ વૈદિક એ બાબતે વિશેષ વિચાર રજુ કરાયો હતો. ભુજ, માડંવી વગેરે ગામોથી પધારેલ ભૂદેવોનું પૂજન, ભોજન દક્ષિણા સાથે વસ્ત્રાર્પણ કરાયાં હતાં.



આજના પ્રવક્તા શ્રી શ્યામજીકૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. કાન્તિભાઇ ગોરનું લોકમાં કેવી રીતે વેદનું સ્થાન જળવાઇ એવા વિચારો રજુ કર્યા હતા. ચોથો દિવસ એટલે શ્રી ઘનશ્યામ મહારાજના ૧૫ વાર્ષિક પાટોત્સવ નો દિવસ હોવાથી વહેલી સવારે યજમાનોએ પૂજન કર્યા બાદ શ્રી ઠાકોરજીનો પંચામૃતથી પૂજારી સંતો તથા અન્ય સંતોએ અભિષેક કર્યો હતો. આજે સંતો, સાં. યો. બહેનો, યજમાનો સાથે ફૂલવાડીએ ગૌશાળાની ગાયોનું પૂજન કરવામાં આવ્યું હતું. ૯:૩૦ કલાકે શિખરઉપર ધ્વજારોહણકર્યા બાદ શ્રી ઠાકોરજીને ૫૬ પ્રકારના વિવિધ પક્વન્નો ધરવામાં આવ્યા હતા. ત્યારબાદ પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. સ્તુતિ પુષ્પાંજલિ બાદ કથા સત્રમાં પૂજ્ય ઉપમહંત સ્વામીએ રુડા







આશીર્વાદ પાઠવ્યા હતા. બપોરપછીના સત્રમાં ગાય વિષયક વાતો થઈ હતી. જેમાં અમદાવાદથી પ. ભ. ઘનશ્યામભાઈ સીતાપરાએ શિક્ષાપત્રીના આધારે મહારાજે કહેલ કૃષિ કર્મ વિષયક વિચારો રજુ કર્યા હતા. પાંચમા દિવસે સંત દિવસ હોવાથી





વક્તા ડો. સ્વામી અક્ષરમુનિ દાસજીએ ભુજ મંદિરના આદી મહંત સંતોના જીવનના પ્રસંગો સંભળાવ્યા હતા. ભક્તો ગદગદિત થયા હતા કે આવા અમારા વડીલ સંતો મહાન હતા ! આજના દિવસે ભુજ મંદિરમાં જે સંતોએ દીક્ષા ગ્રહણ કરી છે એમના હયાત માતા પિતાના સન્માનનો કાર્યક્રમ હોવાથી દરેક સંતના પૂર્વાશ્રમના માબાપને સન્માનિત કરાયા હતા. આ દૃશ્ય આનંદ વિભોર કરે એવાં હતાં કે સંતો અમારું પૂજન કરી આશીર્વાદ આપે.







સાંજે શ્રી હરિકૃષ્ણમહારાજને ૧૧૫ વરસ થયાં એ પ્રસંગે મહા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં પધારેલ મોટા સંતોએ યજમાન તેમજ સર્વે હરિભક્તોને રુડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રસાદી મંદિરના મહંત સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી એ મહોત્સવમાં થયેલ યજમાનો તથા દરેકને રૂડા આશીર્વાદ પાઠવ્યા હાતા. પ્રસાદી



મંદિર વતી યજમાનોને પ્રસન્નતાની પહેરામણી કરવામાં આવી હતી. સભા સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસ અને ડૉ. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ કર્યુ હતું સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી ઈશ્વરપ્રિયદાસજી, સ્વામી માધવચરણદાસજી વિગેરે સંતોએ અનેકવિધ વ્યવસ્થાઓ સંભાળી હતી

અહેવાલ ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

આ મહોત્સવના યશસ્વી યજમાનશ્રી ભુજ મંદિરના કોઠારી પાર્ષદ સદ્ગુરુ જાદવજી ભગતની પ્રસન્નતાર્થે ગામ સુરજપરના સાં.યો. કેસરબાઈ કુંવરજી પિંડોરીયા તેમજ તેમના શિષ્ય મંડળ તથા તેમના પરિવારજનો અ.નિ. કુંવરજીભાઈ રામજી પિંડોરીયા, ધ.પ.અ.નિ.રતનબાઈ, ભાઈ અ.નિ.હિરજીભાઈ કુંવરજી, ધ.પ.ગં,સ્વ માનબાઈ સપરિવાર ભાઈ પ.ભ. માવજીભાઈ કુંવરજી, ધ.પ.ધનબાઈ સપરિવાર ભાઈ પ.ભ. મનજીભાઈ કુંવરજી, ધ.પ. મેઘબાઈ સપરિવાર રહ્યા હતા.



**સંસ્કૃતનો અભ્યાસ કરવા પ્રવેશ કરાવતા પૂજ્ય સંતો. અત્યારે ૨૪ વિદ્યાર્થી સંતો પ્રસાદી મંદિર ભુજમાં અભ્યાસ કરી રહ્યા છે.**

# પ્રસાદી મંદિરના સભામંડપનો ૧૩૮મો વાર્ષિક પાટોત્સવ સાથે શ્રીગોપાળાનંદ સ્વામીએ પધરાવેલ હનુમાનજી મહારાજ નો ૨૦૨મો પાટોત્સવ ઉજવાયો.

ભુજ પ્રસાદી મંદિરના સભામંડપમાં વિરાજતા શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ૩૦ મો અને મૂળ ૧૩૮ મો વાર્ષિક પાટોત્સવ તેમજ શ્રીગણપતિજી, શ્રીહનુમાનજી તેમજ શ્રીનીલકંઠ મહાદેવજીનો ૨૦૨ મો વાર્ષિક પાટોત્સવનું આયોજન પ્રસાદી મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી રામાનુજદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી આદિ મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતોના સાંનિધ્યમાં યોજવામાં આવેલ હતો. પ્રસાદી મંદિરના આ કલાત્મક સભામંડપમાં ભૂકંપ પહેલાં દરરોજ, બાદમાં દર મહિને ૭ મહાપૂજા અને દરરોજ પાંચ કથાઓ થતી આજ પણ મોટા દિવસોમાં દિવ્ય સભામંડપમાં મહાપૂજાનો લાભ હરિભકતો લે છે. આજે સવારે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત મહાઅભિષેક, શ્રીગણેશજી, શ્રીહનુમાનજી, શ્રીનીલકંઠ મહાદેવજી પૂજન સાથે દેવોને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યા હતા. આ પાટોત્સવમાં ઉપસ્થિત રહેલ તમામ ભક્તો બપોરે મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.



આજના આ પાટોત્સવના યજમાન સુખપર હાલે સિશલ્શના રહેતા પ.ભ. વાલજીભાઇ વેલજી વરસાણી શ્રીહરિ બિલ્ડર્સ ગ્રૂપ રહ્યા હતા. લંડનના શ્રીનારણભાઈ વેલજી ભૂડિયા પરિવાર શ્રીહનુમાનજી, શ્રીગણેશજી તથા શ્રીનીલકંઠ મહાદેવના યજમાન રહી લાભ લીધો હતો.



શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે ચાલી રહેલ હમીરસરોવરમાં પ્રસાદી મંદિર તરફથી ચાલતાં પૂજનનું આજે ૧૫ મું

પૂજન મહાઆરતી અને ૧૫૦૦ દિવડાઓથી દીપોત્સવ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૧૫ પવિત્ર ભૂદેવો અને ૧૧૫ સાં.યો. બહેનો અને ૫૧ સંતો જોડાયા હતા.

દીપોત્સવ ના યજમાન નારાણપર હાલે. સિડની ના પ.ભ. શિવજીભાઈ પ્રેમજીભાઈ દેવજી વેકરીયા, હમીરસર પૂજનના યજમાનો લંડનના પ.ભ.નારણભાઈ વેલજી ભૂડિયા પરીવાર, તેમજ કેરા હાલે લંડનના ગં.સ્વ. ધનબાઈ દેવરાજ



હાલારીયા સુપુત્રો વિનોદભાઈ તથા મહેશભાઈ આદિ રહ્યા હતા. યજમાન પરીવારને પહેરામણી કરવામાં આવી હતી. હમીરસર પૂજન કાર્યક્રમમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પ્રસાદી મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્ગુરુ સ્વામી મહાપુરુષદાસજી માંડવી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરુપદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી આદિ મોટી સંખ્યામાં સંતો ઉપસ્થિત રહ્યા હતા.

આજે શ્રી ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકાનું મોટા સંતો અને યજમાન પરિવાર દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ દરમ્યાન માધાપર, કેરા, સુખપર, નારાણપર, મિરઝાપર વિગેરે ચોવીસીના ગામોથી સાં. યો. બહેનો પૂજનમાં સહભાગી બન્યાં હતાં. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી અને મહિલા મંડળ ભુજના ભાઈ બહેનો સેવાનો લાભ લીધો હતો. વ્યવસ્થા સ્વામી રામપ્રિયદાસજી, કોઠારી સ્વામી રામાનુજદાસજી



તેમજ સ્વામી આનંદમુનિદાસજીએ સંભાળી હતી.

બહોળી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા. હતા કથા ડો. સ્વામી અક્ષરમુનિદાસજી સંભળાવી હતી.

સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી એ સંભાળ્યું હતું.

# શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત રાવલવાડી નૂતન મકાનનું વાસ્તુપૂજન



રાવલવાડીમાં ગાયો માટે ઉપયોગી તેમજ વાડીની સેવા કરવા સાં.યો.બહેનો-બાઇઓ-ભાઇઓ આવે તેમને ભોજન-આરામ કરવા માટે મકાન તૈયાર થઇ જતાં તા.૨૭/૪/૨૦૨૫ રવિવાર ચૈત્ર વદ અમાસના દિવસે આ મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો તેમજ ભુજ પ્રસાદી મંદિર, માંડવી, અંજાર, રાપર તેમજ ગુરુકુળના સંતો પધાર્યા હતા અને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

આ ઉદ્‌ઘાટનના યજમાન ગામ ગોડપરના પ.ભ.શ્રી દાદા શામજીભાઇ ધનજી હાલાઇ, અ.નિ.દાદીમાં કેશરબાઇ, પિતાશ્રી પરબતભાઇ સામજી, માતૃશ્રી શાંતાબાઇ પરબત, હસ્તે ગોપાલભાઇ પરબત, ધ.પ.શિલ્પાબેન, પુત્રી હર્ષિબેન, પુત્ર કુશભાઇ સપરિવાર હાલે સિડની-



ઓસ્ટ્રેલિયા તથા ગામ નારાણપરના પ.ભ.શ્રી પ્રેમજીભાઇ દેવજી વેકરીયા, ધ.પ.રાધાબેન, સુપુત્ર નારાણભાઇ, ધ.પ.હેતલબેન નારાણ, સુપુત્રી દિયા અને સુપુત્ર હર્ષ સપરિવાર હાલે- સિડની-ઓસ્ટ્રેલિયા રહ્યા હતા.





આ પ્રસંગે ભુજ તેમજ ચોવિસીમાંથી સાં.યો.બહેનો, બાઇઓ-ભાઇઓ સર્વે ભક્તજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. સર્વે પધારેલ મહેમાનો તેમજ યજમાનશ્રીઓને મહંત સ્વામી આદિ વડીલ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે આ નવા મકાનમાં સંતો-ભક્તોએ પ્રસાદ લીધો હતો.

## રાજ્યકક્ષાએ ગોળાફેંકમાં સિલ્વર મેડલ મેળવતી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજ-કચ્છની વિદ્યાર્થીની



રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ ૩.૦ ગોળાફેંકની સ્પર્ધામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરી નાયાણી ધાની કેતનભાઈ ગુજરાતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કચ્છ જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્યકક્ષાએ મેડલ પ્રાપ્ત કરી કચ્છ જિલ્લાને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

## રાજ્યકક્ષાએ ઓપન વિભાગ કુસ્તીમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવતી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજ-કચ્છની વિદ્યાર્થીનીઓ





રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ ૩.૦ ઓપન વિભાગ કુસ્તીની સ્પર્ધામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરી કણઝરીયા જાહ્નવી હસમુખભાઈ ગુજરાતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અને વાગડીયા ભાવિકા રમેશ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કચ્છ જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્યકક્ષાએ મેડલ પ્રાપ્ત કરી કચ્છ જિલ્લાને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

## રાજ્યકક્ષાએ કુસ્તીમાં બ્રોન્ઝ (કાસ્ય ચંદ્રક) મેડલ મેળવતી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજ-કચ્છની વિદ્યાર્થીની

રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ ૩.૦ કુસ્તીની સ્પર્ધામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરી પરમાર ઉર્વી ખુશાલભાઈ ગુજરાતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કચ્છ જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્યકક્ષાએ મેડલ પ્રાપ્ત કરી કચ્છ જિલ્લાને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

# શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ પ્રાયોજીત, શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજ

ધોરણ-૧૨ ગુજરાત બોર્ડનું પરિણામ ૧૦૦% આવેલ છે. (સંખ્યા-૬૯) તેમાં A1માં ૨, A2માં-૧૭ અને B1માં-૨૫ દીકરીઓ ઉત્તમ ગુણ પ્રાપ્ત કરેલ છે.




| ધોરણ/વર્ગ | A1 | A2 | B1 | B2 | C1 | C2 | D | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ કોમર્સ | 1 | 7 | 11 | 4 | - | - | - | 23 |
| ૧૨ આર્ટ્સ | 1 | 4 | 10 | 6 | 5 | - | - | 26 |
| ૧૨ અંગ્રેજી માધ્યમ | - | 6 | 4 | 7 | 2 | 1 | - | 20 |
| કુલ | 2 | 17 | 25 | 17 | 7 | 1 | - | 69 |




ઉપરોક્ત રમત ક્ષેત્રે જલવંત સિદ્ધિ બદલ તેમજ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી દીકરીઓએ સંસ્થાનું નામ ગૌરવવંતુ કરેલ છે તે બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંતમંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળના ટ્રસ્ટીઓ, સંસ્થાના પ્રિન્સિપાલ દક્ષાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## રજત જયંતી મહોત્સવ - કોડકી

ભગવાન શ્રીહરિના પદરજથી પાવન એવા કોડકી ગામમાં આજથી ૧૨૦ વર્ષ પહેલાં ભુજ મંદિરના સંતો દ્વારા સત્સંગના પાયા રોપાયા. ભજન ભક્તિ કરી શકે તે માટે મંદિરના નિર્માણ થયા. સમય જતાં સત્સંગ વધતા ઈ.સ.૨૦૦૦ ની સાલમાં, વિ.સં.૨૦૫૬ માં ભાઈઓ અને બાઈઓના એક સાથે બંને ગગનચુંબી મંદિરોના નિર્માણ થયા. તેને આજે ૨૫ વર્ષ થતાં તા.૧૭/૪/૨૦૨૫ થી તા.૨૩/૪/૨૦૨૫ સુધી રજત જયંતી મહોત્સવ



ભવ્યાતિભવ્ય ઉજવવામાં આવ્યો.

ભવ્ય પોથીયાત્રા ઉત્સવનો પ્રારંભ થતાં શ્રીમદ્‌સત્સંગિભૂષણ અંતર્ગત ઘનશ્યામ જન્મોત્સવ, ભગવાન શ્રીનીલંકઠવર્ણીની રથયાત્રા ઉત્સવ, ભગવાન શ્રીનરનારાયણદેવનો







પુષ્પદોલોત્સવ જેવા ઉત્સવો ઉત્સાહ અને ઉલ્લાસભેર ઉજવવામાં આવ્યા. જેમાં યજમાનોએ ખુલ્લા મને ઉછવણીમાં ભાગ લીધો હતો. તા.૨૧ ના શોભાયાત્રાના દિવસે ડાયનાસોર વાહન ઉપર બિરાજમાન ઠાકોરજીના દર્શન સૌ ગ્રામજનોએ ભક્તિભાવપૂર્વક કર્યા અને શોભાયાત્રાનો આનંદ માણ્યો. તા.૨૨ ના મંદિરમાં બિરાજતા ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી અને ભુજ મંદિરના સંતો તેમજ ઉત્સવના મુખ્ય યજમાનશ્રીઓના હસ્તે અભિષેક, અન્નકૂટ અને ધ્વજારોહણ કરવામાં આવ્યું.

ઉત્સવ અંતર્ગત વિવિધ રાત્રિ સાંસ્કૃતિક



કાર્યક્રમ ઉજવવામાં આવ્યા. આ ઉત્સવને ભવ્યતા આપવા ૪૦૦-૫૦૦ સ્વયંસેવકોએ સેવા બજાવી હતી. આ ઉત્સવમાં ઠાકોરજીમાં પ્રેમભાવ, સંતો અને સાં.યો. બહેનોની લાગણી તેમજ ગ્રામવાસી સત્સંગીઓના આદરભાવથી સમસ્ત કચ્છ સત્સંગના હરિભક્તોનો માનવમહેરામણ સાતે દિવસે ઉમટ્યું હતું. અને અંતે સંતોના આશીર્વાદથી રંગેચંગે ઉત્સવની પૂર્ણાહુતિ થઈ.

અ - નારાણ રવજી હાલાઈ - કોડકી

## સત્સંગ સમાચાર - વિદેશ

### શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઇસ્ટ લંડન મંદિર

તા.૯/૩/૨૦૨૫ રવિવાર થી તા.૧૬/૩/૨૦૨૫ રવિવાર સુધી સ્વામી ગોલોકવિહારીદાસજીના સંતમંડળના સાનિધ્યમાં સવાર-સાંજ સત્સંગ સભા, દૈનિક સભા તથા યુ.કે. દેશમાં તા.૧૪/૩/૨૦૨૫ ચંદ્ર ગ્રહણ હોવાથી સંતોએ ગ્રહણનો મહિમા, મહારાજની આજ્ઞા સર્વને યાદ કરાવેલ. શુક્રવાર સાંજે ધૂળેટી-પુષ્પડોલ ઉત્સવ-શ્રીનરનારાયણદેવ જયંતી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા.૧૬/૩/૨૦૨૫ ને રવિવારે મંદિરની SSW વાડીએ ખાસ હોળી રંગોત્સવનું આયોજન કરેલ હતું અને સર્વને ભિન્ન ભિન્ન રંગોમાં લાભ લઈને રાજી કરેલ હતા. સર્વે ભક્તો બપોરે મહાપ્રસાદ ભોજન લઈને વિદાય લીધેલ હતી. મહાપ્રસાદ ભોજનના યજમાન પ.ભ.અરવિંદભાઈ તથા પ.ભ.તારાબેન વેકરીયા પરિવાર રહ્યા હતા.

તા.૬/૪/૨૦૨૫ ને રવિવાર શ્રીરામનવમી-શ્રીસ્વામિનારાયણ જયંતીના દિવસો યુવક મંડળના સંતો સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા સ્વામી રાઘવમુનિદાસજીના સાનિધ્યમાં એક કલાક ૧૧ થી ૧૨ ધૂન-કીર્તન, શ્રીરામ ભગવાનની

આરતી બપોરે ૧૨ વાગ્યે ત્યારબાદ 'WELCOME હરિકૃષ્ણ મહારાજ' ઘેર ઘેર વિસેક હરિભક્તોએ ઘેર ઘેર પધરામણી કરવામાં ભાગ ભજવેલ. સાંજે શ્રીસ્વામિનારાયણ જયંતી આરતી બાદ સર્વે ભક્તો સંતોનો રાજીપો-પ્રસાદ લઈને વિદાય લીધી હતી.

અક્ષરવાસ નોંધ :- ઈસ્ટ લંડનમાં રહેતાં સેવાભાવી ભક્તોને મહારાજ પોતાના ધામમાં સેવા અર્પણ કરે અને સ્વજનો ઉપર આવેલ દુઃખને સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના

તા.૫/૨/૨૦૨૫ બુધવારે પ.ભ. રાજેશભાઈ નારાણ હિરાણી બહુ નાની વયે ધામમાં ગયેલ છે.

તા.૯/૨/૨૦૨૫ રવિવારે પ.ભ. સેવાભાવી વાલબાઈ રામજી હિરાણી શ્રીજીના ધામમાં પધારેલ છે.

તા.૨૨/૨/૨૦૨૫ શુક્રવારે પ.ભ. વેલજીભાઈ દેવરાજ વરસાણી ધામમાં પધારેલ છે.

તા.૨૬/૨/૨૦૨૫ બુધવારે પ.ભ. દેવરાજભાઈ વાલજી હાલાઈ ધામમાં પધારેલ છે.

તા.૧૨/૩/૨૦૨૫ બુધવારે પ.ભ. નારાણભાઈ રવજી પાંચાણી ધામમાં પધારેલ છે.

અ - મંત્રી પુલકીતભાઈ કોરાટ, સહમંત્રી અરવિંદભાઈ વેકરીયા

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ ન્યુઝીલેન્ડમાં ઓકલેન્ડ સીટી ખાતે સત્સંગ શિબિરનું આયોજન

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ, ન્યુઝીલેન્ડમાં ઓકલેન્ડ સીટી ખાતે તા.૨૩/૪/૨૦૨૫ થી તા.૩૦/૪/૨૦૨૫ દરમિયાન પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા





અને આશીર્વાદથી ભુજથી યુવક મંડળના ૩ સંતો પધારેલા હતા. તેમાં સ્વામી શાંતાસ્વરૂપદાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી અને સ્વામી તીર્થમુનિદાસજી આ ત્રણ સંતો ઓકલેન્ડમાં ત્રીજી સત્સંગ શિબિરનું આયોજન કરેલું હતું.

શિબિરનો વિષય "મારી વાણી મારું સ્વરૂપ" શિક્ષાપત્રી લખાણી તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે એ નિમિત્તે રાખેલ હતી. જેમાં ચાર દિવસ સુધી સંતો અને હરિભક્તો હાજર રહ્યા હતા.

તા. ૨૪/૪/૨૦૨૫ ના આ શિબિરનો પ્રારંભ વિશેષ પ્રભાતફેરીથી કર્યો હતો. ત્યારબાદ બધા સંતો તેમના જ્ઞાન પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂઆત કરી હતી. ત્યારબાદ સૌ હરિભક્તો સત્સંગ ઉપર આધારિત રમત-ગમત રમ્યા હતા. તેમજ ભવ્ય રાસોત્સવ પણ કરેલ હતો. શિબિર બાદ તા.૩૦/૪/૨૦૨૫ ના સંતોએ વિદાય લીધી હતી.

અ - કૌશલ હાલાઇ - ઓકલેન્ડ

## યુ.કે.માં સંતોનું સત્સંગ વિચરણ

ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી અંજાર શ્રીઘનશ્યામ મહારાજ તથા વડીલ સ્વામી શ્રીહરિદાસજીના આશીર્વાદથી સંત મંડળ શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજી, ગાયક સ્વામી વાસુદેવપ્રિયદાસજી. યુ.કે.માં સત્સંગ યાત્રા પ્રવાસે તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૪ ના લંડન પધાર્યા. કેન્ટન હેરો શ્રીસ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવની સંગીતના સહારે શ્રીમદ્સત્સંગિજીવનની સપ્તાહ કથા

પારાયણ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો યોજાયાં. જેમ કે, ભજન સંધ્યા, રાસોત્સવ, પ્રાગટ્ય ઉત્સવ, મહિલા મંચ, શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃતથી મંત્રોચ્ચાર સાથે અભિષેક, અન્નકૂટ ઉત્સવ વગેરે.

પંદર દિવસ રહીને ત્યાંથી ઈસ્ટ લંડન, વુલ્વીચ, કાર્ડિફ, બોલ્ટન, ઓલ્ડહામ, સ્ટાનમોર વિગેરે મંદિરોમાં સાત-સાત દિવસ રોકાઈ કથાવાર્તાઓ, શાકોત્સવ, રાસોત્સવ, ભજન સંધ્યાઓ તેમજ દરેક મંદિરોમાં વર્તમાન સમયાનુરૂપ પ્રેઝન્ટેશન દ્વારા સત્સંગ સંબંધી ગેમ વિગેરે કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

વસંત પંચમીના પાવન દિવસે વિલ્સડન અને કેન્ટન-હેરો મંદિરમાં સહજાનંદ સ્વામીએ લિખિત શિક્ષાપત્રીનું વાંચન-પૂજન ઉત્સવ કરીને લંડન ઓક્સફોર્ડ યુનિવર્સીટીમાં બોલ્ટનવાસી ૧૫૦ હરિભક્તોની સાથે શિક્ષાપત્રીનાં દર્શન કરવા પધાર્યા. જનમંગલ નામાવલિથી પૂજન અને આરતી કરીને ત્યાંથી બીજા દિવસે વિમાન માર્ગે પશ્ચિમ આફ્રિકા ગાંબીયા અને સીડીગલ એમ બંને જગ્યાએ પધાર્યા. પાંચ-પાંચ દિવસની કથા પારાયણ સાથે યુવાનોને જ્ઞાનોપદેશ દ્વારા સત્સંગમાં બળ આપતી વર્તમાન યુગની ટેકનોલોજીના માધ્યમથી સત્સંગ સંબંધી ગેમ, રાસોત્સવ વિગેરે વિવિધ પ્રસંગો દ્વારા ભક્તોને ખુશ કર્યા હતા તથા સમૂહમાં સમુદ્રસ્નાન કર્યું હતું.

ત્યાંથી વિમાન માર્ગે લંડન વિલ્સડન મદિરમાં બે સપ્તાહ પારાયણ કરીને વુલ્વીચ મંદિરમાં સમૂહ પારાયણ કરી ત્યાંથી ઈસ્ટ લંડન મંદિરે શ્રીનરનારાયણદેવ જયંતીનો ભવ્ય ફૂલદોલોત્સવ સાથે રંગોત્સવ ઉજવ્યો. ત્યાંથી લેસ્ટર સ્વામિનારાયણ મંદિરમાં પંચાહ્ન પારાયણ કરી સાત દિવસ રહીને બોલ્ટન સ્વામિનારાયણ મંદિરમાં સમૂહ સપ્તાહ પારાયણ કરી. ત્યાંથી ઓલ્ડહામ સાત દિવસ રોકાઈને શ્રીરામનવમીના પવિત્ર પર્વે સ્ટાનમોર મંદિરમાં મધ્યાહ્ને રામ ભગવાનના પ્રાગટ્યની આરતી કરી.

વિલ્સડન મંદિરમાં આગામી પચાસમાં વર્ષના સુવર્ણ જયંતી ઉત્સવની આમંત્રણ પત્રિકાનું વિમોચન કરી સાંજે શ્રીઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવની આરતી કરી, સ્ટાનમોર પધાર્યા. સાત દિવસ રોકાઈ કથાવાર્તા કર્યા બાદ વિલ્સડન મંદિરમાં ત્રીજી સપ્તાહ પારાયણ કરી.

બીજા રાઉન્ડમાં દરેક મંદિરોમાં પધારી કથા પારાયણો કરી હતી. ઉપરોક્ત દરેક મંદિરોમાં કથા પારાયણોમાં વક્તાપદે વ્યાસપીઠ ઉપર શાસ્ત્રી સ્વામી

ગોલોકવિહારીદાસજી તથા શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી રહ્યા હતા. કથામાં દેવતાઓનું સ્થાપન-પૂજન તથા વિસર્જનની સેવા શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસેવકદાસજીએ સંભાળી હતી. પુરાણી સ્વામી ઘનશ્યામવલ્લભદાસજીએ રસોડાની સેવા સંભાળી હતી.

કેન્ટન-હેરો સ્વામિનારાયણ મંદિરથી કાર્ડિફ પધાર્યા. સમૂહ પારાયણ કરી ત્યાંથી ઓલ્ડહામ મંદિરમાં પણ સમૂહ પારાયણ કરી.

વિલ્સડન લંડન શ્રીસ્વામિનારાયણ મંદિરને પચાસ વર્ષ પૂર્ણ થતાં ઉત્સવની આમંત્રણ પત્રિકાઓ યુ.કે.ના તમામ સ્વામિનારાયણ મંદિરોમાં સંતો અને ટ્રસ્ટી મંડળ સાથે મળી વાજીંત્રોના નાદ સાથે પત્રિકાને પુષ્પ, કંકુ અને ચોખાથી વધાવીને અર્પણ કરવામાં આવી હતી.

આગામી “સહજાનંદ સહાયતે” ગોલ્ડન ઉત્સવના ઉપલક્ષ્યમાં ષોડષોપચારોથી મહાપૂજાનું ભવ્ય આયોજન પ્રથમ વિલ્સડન મંદિરમાં કરવામાં આવ્યું. ત્યારપછી મંદિરની ઉત્સવ સમિતીએ નિર્ણય કર્યો કે યુ.કેના તમામ મંદિરોમાં મહાપૂજા કરવી. અને તે પ્રમાણે મહાપૂજા કરાવવામાં પણ આવી. મહાપૂજા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી કરાવી હતી.

સ્ટાનમોર સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવની સપ્તાહ પારાયણ પ્રસંગે પોથીયાત્રા મંદિરના બગીચામાંથી વાજતે ગાજતે કરવામાં આવી હતી. તેમજ ભજન સંધ્યા, રાસોત્સવ, મહાપૂજા અને ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો.

અ - શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી - લંડન

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજીભાઇ ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૦૧- જેઠી હરેશ પ્રવિણભાઇના પૌત્ર માનના જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભુજ

૨૦૧- શાહ અરૂણા અશ્વિન લગ્નની વર્ષગાંઠ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભુજ

૫૦૦- મુકેશ લખમણ છભાડિયા સુપુત્ર મિલનની સગાઈ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - રામપર

૨૫૧- ધ્રુવી દિલીપકુમાર ભુવા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મદનપુર

૨૫૧- રામજી વાલજી જેશાણી ધ.પ.અ.નિ. માનબાઈ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૦- ખીમજી શીવજીની દીકરી ભાવિનીબેનના લગ્ન રિકિત હિતેશ પર્થવારા સાથે થયેલ અને હોસ્પિટલમાં જોબ મળી તે નિમિતે, હસ્તે કુંવરબેન શીવજી ગોંડરીયા - કોડકી

૨૫૦- ખીમજી શીવજીની દીકરી નંદિનીબેનને પર્થમાં ઈન્જીનીયરની જોબ મળી તે નિમિતે હસ્તે કુંવરબેન શીવજી ગોંડરીયા - કોડકી

## ખાસ નોંધ

જય શ્રીસ્વામિનારાયણ સાથે જણાવવાનું કે **'શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'** શરૂ થયું ત્યારથી ઘણા ભક્તો આજીવન સભ્યની નોંધણી કરાવેલ છે. સભ્ય થયેલ વ્યક્તિ જે અક્ષરનિવાસી (ધામમાં ગયેલ) થયેલ હોય તો તેમના વારસદારોએ પોતાની નૈતિક ફરજ સમજીને તેમનું નામ કમી કરાવી પોતાના નામે આજીવન ગ્રાહક દેશમાં રૂપિયા ૫૦૧ ભરી રિન્યુ કરાવી લેવું. **'શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'** ગ્રાહક બનીએ અને બીજાને પણ બનવા પ્રેરણા કરીએ.

## ઓપરેશન સિંદૂર




૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલ ગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયાં હતાં. આ હુમલાના પ્રતિસાદરૂપે ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. સિંદૂર નામ એ મહિલાઓને સમર્પિત છે, જેમના પતિઓ આ હુમલામાં શહીદ થયા હતા. હ્યઓપરેશન દરમિયાન ભારતીય સેનાએ પાકિસ્તાન અને PoKમાં આવેલા ૯ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હવાઈ હુમલા કર્યા. આ હુમલાઓમાં રાફેલ ફાઇટર જેટમાંથી સ્કેલ્પ મિસાઇલનો ઉપયોગ કરીને આતંકવાદી બંકરો, કમાન્ડ સેન્ટરો અને અન્ય મહત્વપૂર્ણ લક્ષ્યોને નષ્ટ કર્યાં હતાં. આ ઓપરેશનમાં લગભગ ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનની હવાઈ સીમામાં પ્રવેશ કર્યા વિના આ હુમલાઓ કર્યા, જે ભારતની વ્યૂહાત્મક ક્ષમતા અને તકનીકી પ્રગતિનું પ્રતિબિંબ છે . હ્ય હ્યઓપરેશન સિંદૂરની સફળતા પૂર્વક ભારત દેશનો વિજય થયો છે એ બદલ સૈનિકોને અને દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્ર ભાઈ મોદીની સરકારને ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. મહંત સદ્. સ્વામી ધર્મનંદનદાસજી

# શ્રી સ્વામિનારાયણ મંદિર
# નારાયણ સરોવર મધ્યે



# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

**પ્રારંભ : તા. ૧૦-૦૮-૨૦૨૫, રવિવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠાઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરુવાર**

**પૂર્ણાહુતિઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરુવાર**

**:: સ્થળ ::**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણ સરોવર**

**આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025
















શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ
પંચદશાબ્દી મહોત્સવ દિનાંક ૧૪ થી ૧૮ મે ૨૦૨૫ દરમિયાન
ધામધૂમથી ઉજવાઇ ગયો.